ઉત્તર

# લેખિત ધોરણ-૧૨ ના ઉત્તર

પ્રશ્ન-૧ નીચેના સૂત્રો મૂળ લખો (કોઈ પણ પાંચ)

૪ (૧) અવગ્રહેહા ... અધ્યાય-૧/૧૫ થી ૧/૧૯

(૨) સોઽનન્ત ..થી પૂર્ણ " ૫/૩૯ થી પૂર્ણ

(૩) શબ્દ ... સંઘાત.. " ૫/૨૪ થી ૫/૨૬

(૪) નૃ-સ્થિતી.. થી પૂર્ણ " ૩/૧૭ થી ૩/૧૮

(૫) કૃમિ... અવિગ્રહા..સુધી અધ્યાય ૨/૨૪ થી ૨/૨૮

(૬) વિશુદ્ધિ ... સર્વ દ્રવ્ય..સુધી " ૧/૨૬ થી ૧/૩૦

પ્રશ્ન-૨ સૂત્રોના અર્થ...

૪ (૧) તદાદીનિ ... તે બે શરીર થી માંડીને એકી સાથે વધુ માં વધુ એક જીવ ને ચાર સુધી ની સંખ્યા માં શરીરો સંભવે છે.

(૨) લબ્ધ્યુપયોગૌ... ક્ષયોપશમ - શક્તિ રૂપ અને ઉપયોગ રૂપ ભાવેન્દ્રિય છે. ૨/૧૮

(૩) તદ્ભાવા... સત્ સ્વરૂપ થી જે ન ફરે તે નિત્ય ... ૫/૩૦

(૪) જ્ઞાન-દર્શન... સમ્યક્ત્વ, ચારિત્ર, જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ નવગુણ ક્ષાયિક ભાવે પ્રાપ્ત થાય છે. ૨/૪

(૫) વર્તના પરિણામ:... વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ પાંચે પ્રકારે બીજા દ્રવ્યોને નિમિત્તભૂત થવા રૂપ કાળનો ઉપકાર છે. ૫/૨૨

(૬) સુખ દુ:ખ... સુખ અને દુ:ખ માં જીવવામાં અને મરવામાં પણ પુદ્ગલોનો નિમિત્ત કારણરૂપે ઉપકાર થાય છે ૫/૨૦

(૭) સારસ્વતા... સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત, અરિષ્ટ એમ નવલોકાન્તિક દેવો છે.

(૮) અણવ:.. પુદ્ગલ દ્રવ્યો અણુઓ રૂપે કે સ્કન્ધો રૂપે હોય છે. ૫/૨૫

(૯) સ્નિગ્ધ.. પુદ્ગલ પરમાણુઓ સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શવાળા હોવાથી બંધ થાય છે. ૫/૩૨

(૧૦) ગુણના લક્ષણનુ સૂત્ર અને અર્થ.. દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણા: .. દ્રવ્યો રહે અને જે તે ગુણો રહિત હોય તે ગુણો કહેવાય ..

(૧૧) મતિ:.. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા, અભિનિબોધ એ બધા એક જ અર્થના શબ્દો છે. ૧/૧૩

પ્રશ્ન-૪ નીચેના જવાબો તત્ત્વાર્થ આધારિત લખો

૪-૧ દર્શન માર્ગણા ૬ છે ઉપશમ સમ્યગ્ દર્શન, ક્ષાયોપશમિક સમ્યગ્ દર્શન, ક્ષાયિક સમ્યગ્ દર્શન મિશ્ર સમ્યગ્ દર્શન, સાસ્વાદન સમ્યગ્ દર્શન, મિથ્યા દર્શન

Sundaram®
FOR EDUCATIONAL USE

(૨) સાતે નારકના જીવોનુ અનુક્રમે ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ - ૨ - ૩ - ૭ - ૧૦ - ૧૭ - ૨૨ - ૩૩ સાગરોપમ છે. અને જઘન્ય આયુષ્ય અનુક્રમે ૧૦,૦૦૦, ૧૦૦૦, ૩,૦૦૦, ૭,૦૦૦, ૧૦,૦૦૦, ૧૭,૦૦૦ અને ૨૨,૦૦૦ વર્ષ છે

(૩) અજીવના મુખ્ય - ૫ - સંસ્થાન ① વૃત ② ત્રિકોણ ③ ચતુષ્કોણ ④ આયત અને ⑤ પરિમંડલ

(૪) ઋજુસૂત્રનય: વર્તમાન કાળે દ્રવ્ય કે પર્યાય બંનેમાંથી કોઇ એકને મુખ્યપણે માને, જે સ્વરૂપે યથાર્થ તથા જણાય તે સ્વરૂપે તે વસ્તુને સ્વીકારે છે

શબ્દનય: વર્તમાન કાળમાં જે કોઈ વસ્તુનો જે જે શબ્દથી વ્યવહાર કરાતો હોય તે સ્વરૂપે સ્વીકારે છે.

(૫) લોકાંતિક દેવો બ્રહ્મલોક નામના દેવલોકમાં એકબાજુ લોકને અંતે રહે છે. તેઓ પ્રભુની દીક્ષા સમય નજીક જાણી પ્રભુની સ્તુતિ કરી. હે પ્રભુ! તીર્થ પ્રવર્તાવો તેમ વિનંતી કરે છે

(૬) મનુષ્યોના ૧૦૧ ક્ષેત્રો વિસ્તારથી આ પ્રમાણે છે.

| ૧૫ કર્મભૂમિ + | ૩૦-અકર્મભૂમિ + | ૫૬-અંતર્દ્વિપ = ૧૦૧ |
|---|---|---|
| જંબુદ્વિપમાં - ૩ - ભરત - ઐરાવત + મહાવિદેહ | હિમવંત-૫ - હિરણ્યવંત-૫ | લઘુહિમવંત પર્વત અને શિખરી |
| ધાતકીખંડ - ૬ - " " " | હરિવર્ષ-૫ - રમ્યક-૫ | પર્વતમાંથી લવણસમુદ્રમાં ૮ દાઢા |
| અર્ધપુષ્કરાવર્ત - ૬ " " " | દેવકુરુ-૫ ઉત્તરકુરુ-૫ | નીકળે છે દરેકમાં ૭.૭ દ્વિપ છે. ૮×૭ = ૫૬ |
| ૧૫ | ૩૦ | ૫૬ = ૧૦૧ |

પ્રશ્ન.૫ નીચેના શબ્દોની વ્યાખ્યા લખો.

૪. (૧) ધ્રુવગ્રાહી: જે વસ્તુને એકવાર જે સ્વરૂપે જાણી હોય તે વસ્તુને અનેકવાર પણ તેજ સ્વરૂપે જાણી શકે

(૨) અક્ષિપ્રગ્રાહી: શબ્દને કાંઈક સમય ગયા બાદ જાણે તે

(૩) અભિનિબોધ: ઇન્દ્રિયોથી થતો બોધ (૪) ઉપક્રમ: આયુષ્ય તુટવાના સંયોગો

(૫) વ્યવકલન: સંશોધન, બાદબાકી (૬) પારિષદ્યા: મિત્ર સ્થાને રહેલા

(૭) મ્લિશ: અનાર્ય (૮) પોત - પડદો

(૯) અયન: એક વર્ષ (૧૦) વ્યય = નાશ (૧૧) પ્રતર: પડ ઉપરથી પડ ઉખડે તે..

પ્રશ્ન-૬ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો (કોઈ પણ દસ)

(૧) પ્રથમ જાણેલી, જોયેલી વસ્તુ ફરીથી સામે આવે ત્યારે તેનુ પુન: પ્રત્યક્ષ જ્ઞાન અને સ્મૃતિ બંનેય થાય છે. તે પ્રત્યભિજ્ઞાન પરોક્ષ પ્રમાણ કહેવાય

(૨) કોઈ પણ વસ્તુનુ સાચુ જ્ઞાન ન થવામાં કારણભૂત સંશય, વિપર્યય અને અનવધ્યવસાય છે

(૩) નાભિની ઉપરનો ભાગ લક્ષણ યુક્ત હોય અને નીચેના અવયવો હીનાધિક હોય તે ન્યગ્રોધ પરિમંડલ કહેવાય

(૪) પુદ્ગલ દ્રવ્યોના સંખ્યેય, અસંખ્યેય અને અનંતા પ્રદેશો છે

(૫) ષડ્દ્રવ્યોમાં ચાર અજીવ કાય છે ૧. ધર્માસ્તિકાય ૨ અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય અને ૪. પુદ્ગલાસ્તિકાય

Sundaram®
FOR EDUCATIONAL USE

ઉત્તર

ધોરણ-૧૨ ના ઉત્તર

(૬) સહસ્રાર દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮-સાગરોપમ છે

(૭) સનતકુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકના દેવોને પદ્મલેશ્યા હોય છે

(૮) એક પૂર્વાંગ એટલે ૮૪,૦૦,૦૦૦ વર્ષ

(૯) આયુષ્ય તુટવાના કારણોનો યોગ જ ન થાય, અને તે તૂટે નહીં તે નિરુપક્રમ અનપવર્ત્ય આયુષ્ય કહેવાય

(૧૦) ઉપપાત જન્મ દેવો અને નારકોને હોય છે

(૧૧) સમ્યગ્ દર્શન ઉત્પન્ન થવાના બે સાધનો છે. (૧) નિસર્ગ (૨) અધિગમ

(૧૨) સંવૃતયોનિ નારક, દેવ અને એકેન્દ્રિય જીવોની હોય છે

Sundaram®

FOR EDUCATIONAL USE